# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દાહોદ ખાતે ટ્રાબલ સબ પ્લાન અંતર્ગત "આધુનિક કૃષિમાં સંકલિત નીંદણ વ્યવસ્થાપન" તાલીમ કાર્યક્રમની ઉજવણી

એઆઇસીઆરપી- નીંદણ વ્યવસ્થાપન યોજના, બી.એ.સી.એ., આકૃયુ, આણંદ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આકૃયુ, મુવાલીયા ફાર્મ, દાહોદ દ્વારા તારીખ ૨૬.૦૭.૨૦૧૬નાં રોજ ટ્રાબલ સબ પ્લાન અંતર્ગત **"આધુનિક કૃષિમાં સંકલિત નીંદણ વ્યવસ્થાપન"** તાલીમ કાર્યક્રમની ઉજવણી અત્રેના કેન્દ્ર કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આકૃયુ, મુવાલીયા ફાર્મ, દાહોદ ખાતે કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં ડો. બી.ડી. પટેલ , એગ્રોનોમીસ્ટએ ખરીફ પાકોમાં સંકલિત નીંદણ નિયંત્રણ અને વિવિધ પાકોમાં નીંદણ નિયંત્રણ અંગેની ભલામણો તથા નીંદણનાશકોના વપરાશની સમજ અને ગણતરી, પ્રો. ડી. ડી. ચૌધરી , જુનિયર એગ્રોનોમીસ્ટએ નીંદણનો પરિચય , વર્ગીકરણ અને નીંદણ નિયંત્રણની વિવિધ પધ્ધતિઓ , ડો. એસ.કે. પટેલ , વૈજ્ઞાનિક (કૃષિ ઇજનેરી)એ નીંદણ નિયંત્રણમાં યાંત્રિકરણ અને તેના લાભ , ડો. એચ. કે. પટેલ , જુનિયર બાયોલોજીસ્ટએ નીંદણનાશકોની જમીનના ઉપયોગી સુક્ષ્મજીવાણુંઓ પર અસર અને પ્રો. એચ. એલ. કાચા , વૈજ્ઞાનિક (બાગાયત)એ અગત્યના બાગાયતી પાકોની ખેતી પધ્ધતિ અને નીંદણ નિયંત્રણ વિષે ખેડુતોને માહિતગાર કર્યા હતા. આ કાર્યક્રમમાં સલરા ગામના કુલ ૫૧ ખેડુતભાઇઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો.



ડો. બી.ડી. પટેલનું ઉદબોધન



ડો. એસ. કે. પટેલનું ઉદબોધન



ડો. એચ. કે. પટેલનું ઉદબોધન



પ્રો. એચ.એલ. કાચાનું ઉદબોધન